INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

અખબારી યાદી  તા. ૬-૦૭-૨૦૨૩

**ચોટીલા ચામુંડા માતાજીના દર્શન તથા કોંગ્રેસ કાર્યકર્તાઓ સાથે વાર્તાલાપ માટે પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલ આવતીકાલ તા. ૭-૭-૨૦૨૩ને શુક્રવારના રોજ ચોટીલા ખાતે હાજરી આપશે.**

આવતીકાલ બપોરે ૨-૦૦ કલાકે ચોટીલાથી અમદાવાદ તરફ ૮ કિ.મી.ના અંતરે આવેલ સાપર ગામ ખાતેની ઉત્તર બુનિયાદી શાળામાં શુભેચ્છકો – કાર્યકરો - આગેવાનો  સાથે શુભેચ્છા મુલાકાત કર્યા બાદ સાપરથી તળપદા જ્ઞાતિની વાડી, ચોટીલા ખાતે કાર્યકર્તા સાથે મિલન સમારંભ યોજાશે. બપોર બાદ ૪-૦૦ કલાકે ચામુંડા માતાજીના દર્શન માટે પર્વતારોહણ કરીને પર્વત ઉપર આવેલ **ચામુંડા માતાજીના મંદિર ખાતે સમગ્ર ગુજરાતની જનતાની સુખાકારી માટે માતાજીને પ્રાર્થના કરી આશીર્વાદ મેળવશે.**

ચોટીલા ખાતે ચામુંડા માતાજીના મંદિરે પૂર્વ ધારાસભ્યશ્રી રઘુભાઈ દેસાઈ દ્વારા માતાજીના હવનનું આયોજન કરેલ છે માતાજીના હવનના ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલ દર્શન કરશે. એઆઈસીસીના મંત્રીશ્રી રામકિશન ઓઝાજી તથા શ્રી ઉષાબેન નાયડુ તેમજ પ્રદેશના આગેવાનો ઉપસ્થિત રહેશે. ચોટીલા ખાતેના આયોજનમાં સુરેન્દ્રનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખશ્રીઓ, વિધાનસભાના ઉમેદવારો, સંગઠનના હોદ્દેદારો તથા પક્ષના તમામ આગેવાનોએ યજમાન તરીકે સંપૂર્ણ વ્યવસ્થા ઉભી કરેલ છે. પ્રદેશ કોંગ્રેસ સમિતિએ આ પ્રસંગે સૌને ઉપસ્થિત રહેવા માટે હાર્દિક નિમંત્રણ પાઠવેલ છે.

| | |
|---|---|
| બપોરે ૧-૩૦ કલાકે | ઉત્તર બુનિયાદી શાળા - કન્યા છાત્રાલય, સાપર, ચોટીલા |
| | માનનીય પ્રમુખશ્રી શક્તિસિંહજી ગોહિલનું સ્વાગત |
| બપોરે ૪-૦૦ કલાકે | ચોટીલા ચામુંડા માતાના મંદિરના તળેટી પર દર્શન |

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા